અપીલ અરજી નં.૭૧ તા.૭–૫ –૧૧
ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી પિંકલ પી. ઘીવાળા
સામાવાળાઃ– કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન)
સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી પિંકલ પી. ઘીવાળાની તા.૨૩–૨–૧૧ની અરજીથી (૧)કઈ માટી કાઢવા પરમીશન લેવી પડે? મ.ન.પા. તથા દરેક લાગતા વળગતા ખાતા ધ્વારા ઉપર ના દરેક કાયદા ના ભંગ બદલ કોઈપણ કાર્યવાહી કરી હોય તો એની વિગત આપવી. (૨)એસ.ડી. જૈન સ્કુલ ની સામે પ્રોજેકટનું કામ ચાલુ છે ત્યાં પીળી માટી કાઢવામાં આવી? શું એની પરમીશન લેવામાં આવી? શું એની રોયલ્ટી ભરવામાં આવી? કેટલી ભરવામાં આવી? વિ. મુદ્દા ની માહિતિ આપવા બાબત.

સંદર્ભ :– અરજદાર મજકુરની અપીલ તા.૭–૫–૧૧ ની **SMC/FAP/** નં.૭૧/૨૦૧૧–૧૨

શ્રી પિંકલ પી. ઘીવાળાની તા.૨૩–૨–૧૧ની અરજીથી (૧)કઈ માટી કાઢવા પરમીશન લેવી પડે? મ.ન.પા. તથા દરેક લાગતા વળગતા ખાતા ધ્વારા ઉપર ના દરેક કાયદા ના ભંગ બદલ કોઈપણ કાર્યવાહી કરી હોય તો એની વિગત આપવી. (૨)એસ.ડી. જૈન સ્કુલ ની સામે પ્રોજેકટનું કામ ચાલુ છે ત્યાં પીળી માટી કાઢવામાં આવી? શું એની પરમીશન લેવામાં આવી? શું એની રોયલ્ટી ભરવામાં આવી? કેટલી ભરવામાં આવી? વિ. મુદ્દા ની માહિતિ આપવા બાબતે માંગેલ માહિતિ અંગે જવાબ આપવામાં આવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૭–૫–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૨૧૭ તા.૧૮–૫–૧૧ થી કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન), સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન) તથા અરજદારને અપીલ અરજી સાથે જાહેર માહિતિ અધિકારી સાઉથ વેસ્ટઝોન (અઠવા)ની બીડેલ નકલો તબદીલી પત્ર જોતાં લગભગ દિન–૧૫ ની વિલંબિત અપીલ અંગે વાજબીપણું રજુ કરવા તથા પક્ષકાર જાહેર માહિતિ અધિકારી જણાવેલ ન હોઈ પક્ષકાર જાહેર માહિતી અધિકારી જણાવવા તથા કયા મુદ્દા અંગે કયા જાહેર માહિતિ અધિકારી સામે નારાજગી છે તે સ્પષ્ટ કરવા તથા મુદ્દા નં.૧ માં " ઉપરના દરેક કાયદાના ભંગ બદલ" માં કયા કાયદા વિશે પૃચ્છા કે માહિતી માંગેલ છે તે સ્પષ્ટ નથી સંદિગ્ધ વિગત જણાતી હોઈ તેની પણ સ્પષ્ટતા કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/આ.નં.૧૮૭ તા.૨૬–૫–૧૧ થી પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ, ફી ભર્યાની વિગત, નોંધ વિભાગ, અઠવાઝોન તરફથી જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન અને જાહેર માહિતી અધિકારી ભુસ્તર વિભાગને તબદીલ કર્યા અંગે પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/આ.નં.૧૩૬૬ તા.૩–૩–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તરફથી પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૯૭૯ તા.૨૭–૬–૧૧ થી પૂરક વિગતોમાં અઠવાઝનો તરફથી પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/આ.નં.૧૩૬૬ તા.૩–૩–૧૧ તી તબદીલ કરેલ પત્રની નકલ, અરજદારની મુળ અરજીની નકલ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/આ.નં.૨૧૫ તા.૨૦–૪–૧૧ ના પત્રની નકલ, ટોપોગ્રાફીક સર્વેની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી પત્રના સંદર્ભે કોઈ પૂરક વિગતો મળેલ નથી.

અરજદારની તા.૨૩–૨–૧૧ ની અરજીથી માટી કાઢવાની પરમીશન અને રોયલ્ટી તથા સહારા દરવાજા મેઈન રોડ ખાડી પુલની નીચે વેલટેક ગેરેજની બાજુના બાંધકામ બાબતેની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી અઠવાઝોન ખાતે કરવામાં આવેલ. અઠવાઝોન તરફથી પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/આ.નં.૧૩૬૬ તા.૩–૩–૧૧ થી જાહેર માહિતી અધિકારી ભુસ્તર વિભાગ કલેકટર કચેરી, સુરત તથા જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોનને આંશિકઃ આંશિક માહિતી માટે તબદીલ કરવામાં આવેલ. જેમાં મુદ્દા નં.(૧)કઈ માટી કાઢવા પરમીશન લેવી પડે? મ.ન.પા. તથા દરેક લાગતા વળગતા ખાતા ધ્વારા ઉપર ના દરેક કાયદા ના ભંગ બદલ કોઈપણ કાર્યવાહી કરી હોય તો એની વિગત આપવી. મુદ્દા નં.(૨)એસ.ડી. જૈન સ્કુલ ની સામે પ્રોજેકટનું કામ ચાલુ છે ત્યાં પીળી માટી કાઢવામાં આવી? શું એની પરમીશન લેવામાં આવી? શું એની રોયલ્ટી ભરવામાં આવી? કેટલી ભરવામાં આવી? મુદ્દા નં.(૩) બીગ બજારની બાજુમાં પ્રોજેકટનું કામ ચાલુ છે ત્યાં પીળી માટી કાઢવામાં આવી છે? શું એની પરમીશન લેવામાં આવી? શુ એની રોયલ્ટી ભરવામાં આવી? કેટલી ભરવામાં આવી? મુદ્દા નં.(૪) શું પ્લાનમાં અંદર ગ્રાઉન્ડ પાર્કીંગ પાસ થાય તે દરેક વ્યકિત માટી કાઢવાની પરમીશન લેવાની હોય છે? એ દરેક રોયલ્ટી ભરવાની રહે? મુદ્દા નં.૫ જે અંગે તમારા ધ્વારા કયા કયા પગલા લેવામાં આવેલા છે? મુદ્દા નં.૬ સહારા દરવાજા થી પુણા કુંભારીયા મેઈન રોડ ખાડી પુલની નીચે વેલટેક ગેરેજની બાજુમાં સુરત જે ફોટો મુજબ દેખાય છે. ખાડી મા માટી પુરાણ કાયદેસર છે? ખાડીમાં બાંધકામ કાયદેસર છે? બાંધકામ રેશીડન્ટ કે કોમર્શીયલ પ્લાન પાસ થયેલ છે? બાંધકામ પ્લાન પાસ થયેલ છે? બાંધકામ ગેરકાયદેસર હોય તો તેને તોડી પાડવામાં શા માટે આવતુ નથી?

રાહુલ રાજ માર્કેટ નું બાંધકામ દરમ્યાન ખાડી પુરાણ કરેલ હતુ તે પહેલા અને પુરાણ બાદ ખાડીની લંબાઈ પહોળાઈ જણાવો? અને હાલ કેટલી છે. તે જણાવો? જે અંગે અરજદારે માંગેલ માહિતીના જવાબ મળેલન થી તેવું જણાવી તા.૭–૫–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. અઠવાઝનો તરફથી માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી ભુસ્તર વિભાગમાં તબદીલ થયેલ છે. જે અંગે લીંબાયતઝોનને સ્પર્શતી રાહુલરાજ માર્કેટના બાંધકામ અંગેની વિગતો બાબતે અરજદારને પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/આન..૨૧૫ તા.૨૦–૪–૧૧ થી " અરજી અન્વયે જણાવેલ અંતિમ મુદ્દો રાહુલરાજ માર્કેટ સંલગ્ન મિલ્કત ડ્રાફટ ટીપી સ્કીમ નં.૩૩ (ડુંભાલ) ફા.પ્લોટ નં.૮ થી હયાત ખાડીની લંબાઈ× પહોળાઈ બાબતની જાણકારી મેળવવા અંગે શહેર વિકાસ વિભાગ ધ્વારા પ્રાપ્ત થયેલ ટોપોગ્રાફીક સર્વેની નકલ નંગ–૧ અરજદારને પૂરી પાડવામાં આવેલ છે. જયારે અન્ય મુદ્દાઓ અન્વયે લીબાંયતઝોન ખાતે કોઈ માહિતી ઉપલબ્ધ ન હોય માહિતી આપી શકાય તેમ નથી તેવું જણાવેલ છે.

અરજદારની બે ભાગની અરજી પૈકી રોયલ્ટી મુદ્દા પૂરતી અરજી વિલંબથી જાહેર માહિતી અધિકારી અઠવાઝોન ધ્વારા ભુસ્તર વિભાગને તબદીલ કરેલ છે. જેથી તેટલા ભાગ પૂરતી અત્રેથી કોઈ અપીલીય કાર્યવાહી કરવાની રહેતી નથી. બીજા વિભાગમાં અરજદારે અરજીમાં બ્લેક એન્ડ વ્હાઈટ અસ્પષ્ટ ફોટોગ્રાફ દર્શાવી મિલ્કતના સર્વે નંબર, ટીપી નંબર કે સ્થળ સ્થિતિની ચોકકસ ઓળખ થઈ શકે તેવી વિગતો આપ્યા વિના સંદિગ્ધ ખાડી પુરાણ અને બાંધકામને લગતી માહિતી માંગેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારી લીબાંયતઝોન કક્ષાએથી દફતરે વિગતો ઉપલબ્ધ નહીં હોવાનું અરજદારને જણાવેલ છે. તેમ છતાં અપીલ તબકકે અરજદરને વિગતો ચોકકસ સ્પષ્ટતા કરવા તક આપવા છતાં અરજદારે અપીલીય કાર્યવાહી દરમ્યાન કોઈ વિગતો રજૂ કરેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૩–૦૨–૨૦૧૧ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી પૈકી સુરત મહાનગરપાલીકાને સ્પર્શતી દફતરી ઉપલબ્ધ માહિતી જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તરફથી પૂરી પડાયેલ હોઈ તેમજ અપીલ તબકકે અરજદારને તબદીલી સહિત જાહેર માહિતી અધિકારી પ્રમાણે મુદ્દાવાર નારાજગીની વિગતો રજૂ કરવા તક આપવા છતાં અરજદાર તે રજૂ કરવામાં નિષ્ફળ રહેલ હોઈ બાકીના અત્રેના જાહેર સત્તા મંડળને સ્પર્શતા મુદ્દા અંગે અરજદારની કોઈ રજૂઆત ન હોઈ અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૦૬–૨૦૧૧

પ્રતિ,

(૧) કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી, (અઠવાઝોન) સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન), ....જાણ તથા અમલ માટે .

(૨) શ્રી પિંકલ પી. ધીવાળા,